**<u>રે.દી.મુ.નં.૧૯/૨૦૨૨ ના કામે આંક.૬ તથા આંક.૨૬ લગત સંયુકત હુકમ</u>**

**૦૧.** આ કામમાં વાદી હાલનો દાવો વિજ્ઞાપન અને પરપેચ્યુઅલ પ્રોહીંબીટીવ મનાઈ હુકમ માટે લાવેલા છે અને દાવા સાથે વચગાળાની મનાઈ અરજી આપીને વચગાળાના કામચલાઉ મનાઈ હુકમની માંગણી કરેલ છે.

આ કામમાં દાવાની ટુંક વિગત જોવામાં આવે તો, વાદીએ એવી હકીકત જણાવેલ છે કે, મોજે. મઉટાંડા ગામની સીમના સ.નં.૨૪૩ પૈકી ૧ અને ૨ જેના જુના સ.નં.૪૨૯ છે તે અને જેનુ ક્ષેત્રફળ ૦–૪૫–૪૨ છે તે વાદી નં.૧, ૨ ના એ વાદી નં .૩ થી ૭ પાસેથી વેચાણ દસ્તાવેજ નં.૩૭/૧૯ વેચાણ અવેજની રકમ રુપીયા એક લાખ ચુકવીને વેચાણ રાખેલ છે અને માલીક બનેલા છે અને તેઓએ જમીન વેચાણ રાખી તે પહેલા આ મિલકત પડતર પડી રહેલ હોય ખેતીલાયક બનાવેલ અને લેવલીંગ કરી હાલમાં ખેતી કરે છે. વાદીના સ.નં.૨૪૩ વાળી મિલકત આ કામમાં દાવાવાળી મીલકત છે.

વાદીએ એવી હકીકત જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૪ ની જમીન વાદી નં .૧, ૨ ની જમીનની દક્ષિણે તથા પ્રતિવાદી નં.૪ ના ભાઈ મધુરભાઈ લાલાભાઈ અને કસ્તુરભાઈ લાલાભાઈની જમીન સ.નં.૨૫૪ તેના જુના સ.નં.૪૩૧ વાળી વાદી નં .૧,૨ ની જમીન પશ્રિમે આવેલી છે અને તેની પછી વાડ આવેલ છે અને ત્યાંથી પ્રતિવાદી કે અન્ય કોઈ ખેડુતને અવરજવર માટેનો રસ્તો આવેલ નથી કે હતો નહી અને ખેતરમાંથી થઈને કોઈ પણ રસ્તો અસ્તિત્વમાં હતો નહી કે છે નહી અને આવો રસ્તો ગામના નકશામાં દર્શાવેલ નથી.આ કામના પ્રતિવાદી નં.૪ ને તેની માલીકીના સ.નં.૨૫૬ વાળી જમીનમાં અવરજવર કરવાનો રસ્તો દાવાવાળી જમીનમાં થઈને આવેલ નથી કે આવો રસ્તો સ્થળ પર અસ્તિત્વમાં નથી.

વાદીએ એવી હકીકત જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી નં.૪ નાએ તેઓની માલીકીના સ.નં.૨૫૬ વાળી જમીનમાં જવા આવવા માટે તેમજ બળદ,

હળ, ગાડુ, ટ્રેકટર વગેરે લઈ જવા માટેનો રસ્તો દાવાવાળી મિલકતમાં આવેલ છે તેવુ જણાવીને રસ્તો ખુલ્લો કરાવવા મામલતદાર કોર્ટ એકટ હેઠળ કેસ નં.૨/૨૦ થી અરજી કરેલી અને તેમાં વચગાળાનો મનાઈ હુકમ તા.૧૦.૦૭.૨૦૨૦ ના રોજ ફરમાવવામાં આવેલ.આ કામમાં વાદીને તે દાવામાં નોટીસ બજતાં મામલતદાર કોર્ટમાં હાજર થઈને વિગતવારનો સંપુર્ણ હકીકતો દર્શાવી જવાબ રજુ કરેલ અને તે ધ્યાનમાં લીધા સીવાય મામલતદાર કોર્ટે રસ્તો ખુલ્લો કરવાનો હુકમ તારીખ.૩૧ .૦૩.૨૧ ના રોજ કરેલો. ત્યારબાદ વાદીએ મામલતદાર કોર્ટ એકટ કલમ– ૨૩(૨) મુજબ વાદીએ રીવીજન અરજી ૨/૨૧ દાખલ કરતા મામલતદાર કોર્ટનો હુકમ નાયબ કલેકટરશ્રીએ યથાવત રાખવા ઠરાવેલ છે

વાદીએ એવી હકીકત જણાવેલ છે કે, વાદીઓની જમીન મઉ ટાંડા ગામની પશ્રિમ દીશા તરફ જતા રોડ પર થઈ દક્ષિણ દીશાના સ.નં.૪૩૦(ગૌચર)માં થઈને વાદીઓ અવરજવર કરે છે અને તે જમીનમાં પ્રતિવાદી નં.૪ નાને ખેતરમાં જવાનો રસ્તો બંધ કરવામાં આવેલ છે.

વધુમાં વાદી તરફે એવી રજુઆત કરેલ છે કે, પ્રતિવાદી નં.૪ એ મામલતદાર કોર્ટમા દાખલ કરેલ દાવા અરજીમાં કહેવાતો રસ્તો કયા સર્વે નંબર માંથી શરુ થાય છે, કેટલા સર્વે નંબરમાંથી પસાર થાય છે અને કઈ દીશામાંથી પસાર થાય છે અને દાવાવાળો રસ્તો કેટલો પહોળો અને લાંબો છે તે હકીકત જણાવેલ નથી તેમ છતાં પ્રતિવાદી નં. ૨ અને ૩ નાએ અયોગ્ય હુકમ કરેલા છે.વાદીઓની જમીનમાંથી થઈને કોઈ રસ્તો કયારેય પસાર થયેલ નથી કે કોઈ પગદંડી ન હોવા છતાં ખોટા હુકમો કરવામાં આવેલ છે.

વધુમાં એવી હકીકત જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી નં.૪ ને તેમની માલીકીના સ.નં.૨૫૬ માં જવા માટે કયારેય વાદીની જમીનમાંથી રસ્તો આવેલ નથી કે ન હતો પરંતુ સ.નં.૨૫૬ વાળી જમીનમાં જવા વર્ષોથી મઉટાંડા ગામની પશ્રિમે જતા સ.નં.૪૩૦ ગૌચરમાં થઈને સી.સી.રોડ પર થઈને દક્ષિણ દીશા તરફે તેમના ભાઈઓની ખેતીની જમીનમાં થઈ ને પ્રતિવાદી નં.૪ તથા અન્ય ખેડુતો જતા આવેલા

છે તેમ છતાં લાંબા અંતરથી જવુ ન પડે અને ટુંકાણ પડે તેવા ઈરાદાથી રસ્તો આવેલ છે તેવુ ઉપજાવી કાઢી નવો  રસ્તો કાઢવા પ્રયત્નશીલ બનેલા છે અને ખોટા હકક ઉભા કરવા પ્રયત્ન કરેલ છે અને આ કામના પ્રતિવાદી નં.૪ ને તેમની સ.નં.૨૫૬ વાળી જમીનમાં જવા માટે વાદીની દાવાવાળી જમીનમાંથી જવા આવવા કે બળદગાડુ, હળ કે ટ્રેકટર લઈ જવા રસ્તો ન હોય અને કયારેય આવા હકક, અધિકાર ન હતા.વાદીઓના માલીકીપણાના હકકોને ગંભીર પ્રકારનુ નુકસાન જાય તેમ છે.પ્રતિવાદી નં.૪ નાઓને દાવાવાળી મીલકતમાંથી જવા માટે કયારેય રસ્તો ન હતો તેવુ ઠરાવવા તથા પ્રતિવાદી નં.૨,૩ ના હુકમના આધારે પ્રતિવાદી નં.૨, ૩ વાદીઓની જમીનમાં પ્રવેશ કરે કરાવે નહી તેવો પરપેચ્યુઅલ પ્રોહીબીટીવ મનાઈ હુકમ મેળવવા હાલનો દાવો કરેલ છે. આ કામમાં પ્રતિવાદી નં.૨ અને ૩ નાએ કરેલ હુકમો ના કારણે દાવાનુ કારણ ઉભુ થયેલ છે.

આ કામમાં વાદીએ ઉપરોકત દાવાની હકીકતનુ આંક–૦૬ ની મનાઈ અરજીમાં પુનરાવર્તન કરેલ છે અને એવી દાદ માંગેલ છે કે, દાવાવાળી મીલકતમાં પ્રતિવાદી નં.૪ ના તેમના માણસો,એજન્ટો કે નોકરો પ્રવેશ કરે કરાવે નહી કે વાદીઓના કબજા ભોગવટામાં તે ઉભા પાકમાં કે વાવેતરમાં કોઈ પણ સીધી રીતે કે આડકતરી રીતે નુકસાન હરકત, હેલો, અંતરાય કરે કરાવે નહી.

**૦૨.** વાદીએ હાલનો દાવો દાખલ કરતાં અને મનાઈની માંગણી કરતા આ કામમાં સમન્સ કાઢવાનો તથા કારણદર્શક નોટીસ કાઢવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કામમાં પ્રતિવાદી નં.૪ તરફે હાજર થઈને આંક–૨૧ થી દાવાનો જવાબ રજુ કરેલ છે.

પ્રતિવાદી નં.૪ એ તેમના જવાબમાં એવી હકીકત જણાવેલ છે કે, પ્રતિવાદી નં.૪ ની વડીલોપાર્જીત ખેતીની જમીન સ.નં.૨૩૬,૨૩૭,૨૫૬ વાળી મઉ ટાંડા(નવલપુર) ગામે આવેલી છે.આ કામમાં વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી ખોટી તથા ગેરકાયદેસરની અને ઉપજાવી કાઢેલ છે તેમજ મામલતદાર કોર્ટ એકટની જોગવાઈ હેઠળ તેમજ અન્ય કાયદાની જોગવાઈ મુજબ ટકવાપાત્ર નથી જેથી હાલનો

દાવો ટકવાપાત્ર નથી. વાદીને દાવો લાવવાનુ કારણ ઉભુ થયેલ નથી અને દાવો ચલાવવા નામદાર કોર્ટને હુકુમત નથી જેથી રદ કરવા અરજ કરેલ છે.

વધુમાં જવાબમાં એવી હકીકત જણાવેલ છે કે, આ કામમાં વાદીના દાવાને સી.પી.સી., પુરાવા અધિનીયમ અને લીમીટેશન એકટના કાયદાનો બાધ નડે છે.આ કામે વાદીએ દાવામાં સાચી હકીકતો છુપાવીને દાવો રજુ કરેલ છે.દાવાવાળી મિલકત અગાઉ પડતર રહેતી હતી તે હકીકત ખોટી છે.

વધુમાં જવાબમાં એવી હકીકત જણાવેલ છે કે, ખરી હકીકતે વાદીઓની જમીનમાં વર્ષો જુનો રસ્તો આશરે સીત્તેર એંસી વર્ષથી નાળીયુ આવેલ હતુ તેનો ઉપયોગ પ્રતિવાદી નં.૪ તથા આજુબાજુના ખેડુત ખાતેદારો દરેક પ્રકારના સાધનો સાથે અવરજવર કરતા હતા પરંતુ વાદી નં.૧ અને ૨ નાએ દાવાવાળી મીલકત સ.નં.૨૪૩ પૈકી ૧ અને ૨ જુનો સ.નં.૪૨૯ વાળી જમીન વેચાણ રાખેલ ત્યારબાદ તે રસ્તો ખોદાણ કરી બંધ કરી દીધેલ અને તેમાં ફસલ વાવેલ તે બાબતે પ્રતિવાદી નં.૪ નાએ મામલતદાર કોર્ટમાં મામલતદાર કોર્ટ એકટની કલમ–૫ મુજબ રસ્તો ખુલ્લો કરવા દાવો કરેલો.તેના આધારે મામલતદારશ્રી એટલે કે પ્રતિવાદી નં.૨ નાએ મજકુર વાદગ્રસ્ત રસ્તો દાવાવાળી મીલકતમાંથી પસાર થતો હતો તે બાબતે તલાટીશ્રી, સરપંચશ્રી, સર્કલ ઓફીસરશ્રી વીગેરેના અભિપ્રાય તેમજ ગામના અન્ય પંચોનો જવાબ નોંધેલા અને તે અભિપ્રાયમાં મજકુર રસ્તો સીતેર એસી વર્ષથી અવિરતપણે કોઈપણ અડચણ, અવરોધ કે અટકાયત વગર પ્રતિવાદી નં.૪ તથા ખેડુતો તથા ગામના રહીશો ઉપયોગ કરતા હતા તેવો પુરાવો આવતા રસ્તો ખુલ્લો કરવા મામલતદારશ્રીએ હુકમ કરેલ છે અને તે હુકમ સામે નાયબ કલેકટરશ્રીની કચેરીમાં રીવીઝન કરતા મામલતદારશ્રીનો હુકમ યથાવત રાખેલ.

વધુમાં જવાબમાં એવી હકીકત જણાવેલ છે કે, મામલતદાર ધ્વારા કરવામાં આવેલ હુકમ કાયદેસર, યોગ્ય અને વાજબી છે અને સ્પેસીફીક રીલીફ એકટ તથા ઈઝમેન્ટ રાઈટ એકટના કાયદા મુજબનો છે. વાદીએ બીજા પાસેથી મીલકત લીધેલ છે જેથી તેઓ જણાવી શકે નહી કે, તેમના સ.નં.માંથી રસ્તો પસાર થતો ન હતો.વાદીની દાવાવાળી મીલકત ખેતીની જમીન છે અને કયારેય પડતર રહેલ નથી અને આ જમીનમાં

અગાઉ વાદી નં.૩ થી ૭ ના ખેતી કરતા હતા તે વખતે તેમાંથી રસ્તો પસાર થતો હતો અને સદરહુ રસ્તાનો ઉપયોગ પ્રતિવાદી નં.૪ અને બીજાઓ પણ કરતા હતા.આ કામે દાવાવાળી મીલકતમાંથી  છેલ્લા સીતેર એંસી વર્ષથી પ્રતિવાદી નં.૪ નો રસ્તો પસાર થતો હતો અને વાદી નં.૧,૨ ને વેચાણ રાખી રસ્તો બંધ કરેલો છે.આ કામે મામલતદારશ્રીએ હુકમ કરી રસ્તો ખુલ્લો કરાવેલ હોવા છતાં ફરીથી વાદીઓએ આડશો મુકી રસ્તો બંધ કરી દીધેલ છે અને તે બાબતે મામલતદારશ્રી અને પોલીસ સ્ટેશનમાં અરજી પણ કરવામાં આવેલ છે અને વાદીઓ માથાભારે તત્વોનો આશરો લઈ કાયદો હાથમાં લઈ રસ્તો ઉપયોગ ન કરવા તથા અવરજવર ન કરવા પ્રતિવાદી નં.૪ ના સભ્યોને તથા મજુરોને ભયભીત કરેલ છે અને રસ્તો બંધ કરતા પ્રતિવાદી નં.૪ નાઓ તેમની ખેતીની જમીનમાં આવ જા કરી શકતા નથી કે ખેતી કરી શકતા નથી જેથી વાદીનો દાવો તથા મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે તથા દાવો સાંભળવા નામ.કોર્ટને હકુમત ન હોય તેવી રજુઆત કરેલ છે.

આ કામમાં પ્રતિવાદી નં.૪ દ્વારા **આંક–૨૫** થી સામો દાવો દાખલ કરવામાં આવેલ છે અને આ કામમાં દાવાવાળી મીલકતની ચર્તુસીમા દર્શાવવામાં આવેલ છે અને તેમાં મહદઅંશે પ્રતિવાદીએ રજુ કરેલ જવાબની હકીકતનુ પુનરાવર્તન કરેલ છે અને **આંક–૨૬** થી સામી મનાઈ અરજી દાખલ કરી વાદીએ જે રસ્તો બંધ કરી દીધેલ છે તે તાત્કાલીક ખુલ્લો કરે તેવો આજ્ઞાત્મક મનાઈ હુકમ કરવા દાદ માંગેલ છે.

**૦૩.** આ કામમાં પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે **આંક–૨૧** થી જવાબ રજુ કરવામાં આવેલો છે અને તેમાં એવી હકીકત જણાવેલી છે કે, વાદીનો દાવો કાયદેસર અને ખરો ન હોય રદ થવા પાત્ર છે. વાદીના દાવાને જ્યુરીડીકશનનો બાધ નડે છે.મામલતદાર કોર્ટ અધીનીયમની કલમ–૫ મુજબ મળેલી સત્તાની રુએ દાવાનો નિકાલ મામલતદાર કચેરીના કેસ નં.૨/૨૦૨૦ થી કરવામાં આવેલ છે અને જે હુકમમાં મોજે.મઉ નવલપુર, તા.ભીલોડાના નવા સ.નં.૨૪૩ પૈકી ૧ તથા પૈકી ૨ માં આવેલ રસ્તો બંધ કરવામાં આવેલ હતો તે રસ્તો ખુલ્લો કરવા અને ભવિષ્યમાં અંતરાય ન કરવા માટે હુકમ કરવામાં

આવેલ છે જે હુકમથી નારાજ થઈને નાયબ કલેકટર મોડાસાની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ જેમાં મામલતદારશ્રીનો કેસ નં.૨/૨૦૨૦ માં કરવામાં આવેલ હુકમ યથાવત રાખવામાં આવેલ છે.

વધુમાં જણાવવામાં આવેલ છે કે, મામલતદાર કોર્ટ અધીનીયમની કલમ– ૨૩(૧) મુજબ આ અધીનીયમ હેઠળ મામલતદારે કરેલ કોઈ હુકમ પર અપીલ થઈ શકશે નહી તેવી જોગવાઈ છે.વધુમાં કલમ ૨૬(ખ) મુજબ કોઈ અવરોધ દુર કર્યાની અથવા કબજો છોડાવ્યાની, કબજો મળ્યાની અથવા હરકત કર્યાથી અથવા કબજો મળ્યાથી જે બાબત આગલી કાર્યવાહીનો વિષય હોય અને એવી કાર્યવાહીમાં વાદી અને તેના હીતના પુરોગામો આ અધીનીયમ હેઠળ અથવા કોઈ દીવાની કોર્ટમાં અથવા ફોજદારી કાર્યરીતી અધિનીયમના પ્રકરણ ૧૨ મુજબ પક્ષકારોએ તે સબંધમાં થઈ શકશે નહી.

વધુમાં એવુ જણાવેલ છે કે, વાદીએ દાવાના કારણમાં ખોટી હકીકતો જણાવેલ છે.વાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરવાની હકીકત જોતા વાદીની દાવા અરજી તથા મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે.

૦૪. વાદી ધ્વારા **આંક–૩૧** થી દાવા જવાબની હકીકતના સંદર્ભમાં કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે અને **આંક–૩૨** થી સામા દાવાનો જવાબ રજુ કરેલ છે અને સામા દાવાના જવાબમાં વાદીના સામા દાવાની હકીકતોનો ઈનકાર કરેલ છે અને આ જવાબમાં વાદીએ પોતાના દાવાના હકીકતનુ પુનરાવર્તન કરેલ છે અને વધુમાં એવુ જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી નં.૨ નાએ વાદીનો લેખીત જવાબ ધ્યાને લીધા વીના રસ્તો ખુલ્લો કરવાનો હુકમ કરેલ છે અને તેની સામે પ્રતિવાદી નં.૩ સમક્ષ રીવીજન કરતા તેમણે પ્ર તિવાદી નં.૨ મામલતદારશ્રીનો હુકમ યથાવત રાખેલ છે જે બંને હુકમ કાયદાથી પ્રસ્થાપીત જોગવાઈ વીરુધ્ધના અને સ્થળ સ્થીતી વીરુધ્ધના છે જેથી પ્રતિવાદી નં.૪ કાઉન્ટર કલેઈમ ના પેરા.૪ મુજબ દાદ મેળવવા હકકદાર નથી તેવી રજુઆત કરેલ છે.

૦૫. આ કામમાં વાદી તરફે **નિ.૫/૧ થી નિ.૫/૧૦** સુધી તેમજ **નિ.૫૬/૧ થી ૫૬/૫** સુધીના દસ્તાવેજો દાવાના સમર્થનમાં રજુ કરેલા છે. આ કામમાં પ્રતિવાદી નં

.૪ તરફે જવાબની સાથે **નિ.૨૨/૧ થી ૨૨/૯** સુધી તેમજ **નિ.૨૭/૧ થી ૨૭/ ૫** તથા **નિ.૫૯/૧ થી ૫૯/૮** સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**૦૬.** હાલની અરજી નિર્ણીત કરવા માટે મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થીત થાય છે.

૧. શુ વાદીનો પ્રથમદર્શનીય કેસ છે ?

૨. શુ સમતુલાનુ પલ્લુ વાદીની તરફેણ કરે છે ?

૩. શુ માગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણાંમા ન પુરી શકાય તેટલુ નુકસાન જાય તેમ છે ?

૪. શુ આ કામના પ્રતિવાદી નં.૪ વચગાળાની માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૫. આખરી હુકમ ?

ઉપરોકત મુદાઓના જવાબ નીચે પ્રમાણે આપવામાં આવે છે.

**૧. નકારમાં**

**૨. નકારમાં**

**૩. નકારમાં**

**૪. હકારમાં**

**૫. આખરી હુકમ પ્રમાણે..**

**૦૭.** આ કામમાં **વાદી તરફે વિ.વ.શ્રી જે.સી.ભાટીયા** દ્વારા **આંક–૫૫** થી લેખીત દલીલ રજુ કરેલ છે અને મૌખીક રજુઆત પણ કરેલ છે અને તેમની દલીલમાં દાવા હકીકતનુ પુનરાવર્તન કરેલ છે અને જણાવેલ છે કે, વાદીની દાવાવાળી જમીન મઉટાંડા ગામની સીમમાં ગામથી મંદીર તરફથી પશ્રિમ દીશા તરફ આવેલી છે અને ત્યાં ગૌચર અને ખેતીલાયક જમીન આવેલ છે અને પ્રતિવાદી નં.૪ ની જમીન મઉટાંડા ગામથી પશ્રિમ તરફ જતા સી.સી.રોડ થઈને દક્ષિણ દીશા તરફ આવેલી છે.પ્રતિવાદી નં. ૪ ની

જમીન વાદીઓની જમીનની દક્ષિણે આવેલ છે અને તેમના ભાઈઓની જમીન વાદીઓની જમીનની પશ્ચિમે આવેલ છે અને આ જમીન વચ્ચે વાડ આવેલ છે કયારેય કોઈ રસ્તો પસાર થતો ન હતો અને પ્રતિવાદી નં.૪ નો રસ્તો તેમના ભાઈ મધુરભાઈ લાલાભાઈ, કસ્તુરભાઈ લાલાભાઈ ની ખેતીની જમીન આવેલી છે ત્યાંથી આવેલો છે અને લાંબા અંતરેથી જવુ ન પડે તે માટે વાદીની જમીનમાં નવા હકકો ઉભા કરવા અને નવો રસ્તો બનાવવા પ્રયત્ન થઈ રહેલા છે.આ કામમાં મામલતદારશ્રી દ્વારા નિયમઅનુસાર કાર્યવાહી કર્યા વગર હુકમ કરેલ છે અને વાદીઓની જમીનમાં થઈને વાદીને કોઈ પણ નોટીસ કે જાણ કર્યા વગર સત્તાના જોરે છ ફુટ પહોળાઈ જેટલો ઉત્તર દક્ષિણ દીશામાં રસ્તો કરી આપેલ છે અને ઘઉંના પાકના વાવેતરને નુકસાન કરેલ છે. પ્રતિવાદી નં.૪ નો અન્ય સ.નં.માંથી આવવા જવાનો રસ્તો છે.મામલતદાર કોર્ટ એકટની કલમ–૫ મુજબ જો જમીનમાં જવા આવવા સારુ કોઈ રસ્તો ન હોય તો મામલતદાર રસ્તો કાઢી આપવા બંધાયેલ છે. આ કામમાં ડી.આઈ.એલ.આર, મોડાસાને મામલતદારે રસ્તાનુ પુછતાં કોઈ રસ્તો પસાર થતો નથી તેવો પત્ર લખેલો છે.વાદીનો પ્રથમદર્શનીય કેસ છે અને સમતુલાનુ પલ્લુ વાદીની તરફેણમાં છે અને જો માંગ્યા મુજબનો મનાઈ હુકમ ન આપવામાં આવે તો મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ થાય તેમ છે અને વાદીને નુકસાન જાય તેમ છે જેથી અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

૦૮. આ કામમાં **પ્રતિવાદી નં.૧ થી ૩ તરફે ના મ.સ.વ.શ્રી આર.જે.ભાટી**ને સાંભળ્યા તેઓની રજુઆત જોતા આ કામમાં મામલતદારશ્રી દ્વારા નિયમઅનુસાર હુકમ કરવામાં આવેલ છે.મામલતદારશ્રીએ હુકમ કરતા પહેલા તલાટી કમ મંત્રી તથા સર્કલ ઈન્સ્પેકટર વીગેરે પાસે અભિપ્રાય મેળવીને પુરી તપાસ કરીને અને ગામ આગેવાનોના નીવેદનો મેળવીને હુકમ કરેલો છે જે હુકમ કાયદા અનુસારનો છે અને આ હુકમ સામે રીવીઝન અરજી કરવામાં આવેલી જે રીવીઝન અરજી નામંજુર કરવામાં આવેલી છે. નાયબ કલેકટર સમક્ષ રીવીઝન બાદ આગળ કોઈ કાર્યવાહી કરેલ નથી. આ કામમાં રસ્તો પસાર થતો હોય જેથી મામલતદારશ્રીએ રસ્તાનો હુકમ કરેલ છે અને ત્યારબાદ રસ્તો ખોલાવી આપેલ છે તેમ છતાં વાદીઓએ ફરીથી રસ્તો બંધ કરી દીધેલ છે જેથી વાદીઓને કોઈ દાદ મળવાપાત્ર રહેતી નથી. આ કામમાં

વાદીનો કોઈ પ્રથમદર્શનીય કેસ નથી જેથી વાદીની અરજી રદ કરવા અરજ કરેલ છે.

૦૯. આ કામમાં **પ્રતિવાદી નં. ૪ તરફે વિ.વ.શ્રી કે.ટી.રાઠોડ** દ્વારા **આંક–૪૩ અને ૪૭** થી લેખીત દલીલો રજુ કરેલી છે અને **આંક–૫૮** થી ખુલાસા રજુ કરેલા છે.આ કામમાં પ્રતિવાદી નં.૪ એ તેમની દલીલોમાં તેમના વાંધા જવાબ અને સામા દાવા તથા મનાઈ અરજીની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે અને પ્રતિવાદી નં.૪ તરફે મુખ્ય દલીલ એવી છે કે, વાદીની માલીકીની સ.નં.૨૪૩ પૈકીની ૧, ૨ જેના જુના સ.નં.૪૨૯ માંથી વર્ષો જુનો રસ્તો પસાર થતો હતો અને આ મીલકત વાદી નં.૧,૨ નાએ વેચાણ રાખ્યા બાદ બંધ કરેલો અને જે બાબતે મામલતદાર કોર્ટમાં અરજી કરતા રસ્તો ખુલ્લો કરવામાં આવેલો અને તેમ છતાં ફરીથી તે રસ્તો વાદીઓએ બંધ કરેલ છે અને તે બાબતની જાણ પોલીસ સ્ટેશન અને મામલતદાર કચેરીમાં કરવામાં આવેલી છે.આ કામના વાદીઓ પ્રતિવાદી નં.૪ ને કહેવાતો રસ્તો ઉપયોગ કરવા દેતા નથી અને આ કામના વાદી ચોખ્ખા હાથે નામદાર કોર્ટમાં આવેલ નથી અને મામલતદારશ્રીએ કરેલ હુકમ નિયમ અનુસાર કરેલ છે અને તેના પર કરવામાં આવેલ રીવીઝન પણ નાયબ કલેકટરશ્રીએ રદ કરેલ છે.વાદીઓએ જણાવેલ દલીલોના સમર્થનમાં ગુજરાત હાઈકોર્ટના સ્પે.સીવીલ એપ્પલીકેશન ૫૧૩/૧૬ અને બોમ્બે હાઈકોર્ટનો સેકન્ડ અપીલ નં.૧૧૧/૧૭ ના ચુકાદાની નકલ રજુ કરેલ છે જે ચુકાદાઓ માનભેર વંચાણે લીધા.

૧૦. હાલનો દાવો વાદી લાવેલા છે અને દાવા સાથે વાદી વચગાળાના મનાઈ હુકમની અરજી રજુ કરેલી છે.આ કામમાં વાદી દ્વારા મનાઈ અરજી કરતા પ્રતિવાદી દ્વારા સામો દાવો તથા સામી મનાઈ અરજી દાખલ કરવામાં આવેલી છે.કોઈ પણ મનાઈ હુકમની અરજી નિર્ણીત કરતી વખતે પ્રથમદર્શનીય કેસ કોનો છે, સમત્તુલાનુ પલ્લુ કોની તરફેણમાં છે અને નાણાંમા ન પુરી શકાય તેવુ નુકસાન કોને જાય તેમ છે તે બાબતો લક્ષમાં લેવાની હોય છે.

૧૦.૧ આ કામમાં વાદીઓ દ્વારા તથા પ્રતિવાદી નં.૪ દ્વારા દલીલના તબકકે તેમના કેસના સમર્થનમાં સોગંદનામાઓ રજુ કરેલા છે અને સોગંદનામા કરનારે જે તે ના કેસને સમર્થન કરેલ છે.

**૧૦.૨** આ કામમાં મઉટાંડાના સ.ન.૨૪૩ પૈકી ૧ અને ૨ જેના જુના સ.નં.૪૨૯ છે તે દાવાવાળી મીલકત છે અને હવે પછીની ચર્ચામાં સદરહુ મિલકતનો દાવાવાળી મીલકત તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.

**૧૦.૩** આ કામમાં વાદી તરફે નિ.૫/૧ અને ૫/૨ થી દાવાવાળી મીલકતના ગામ નુમના ૭/૧૨ અને ૮(અ)ના ઉતારાની નકલ રજુ કરેલ છે.આ કામમાં નિ.૫/૩ નો દસ્તાવેજ જોતા વાદીએ વેચાણ રાખેલ દાવાવાળી મીલકતના વેચાણ દસ્તાવેજ નં .૩૭/૧૯ ની નકલ રજુ કરવામાં આવેલ છે.નિ.૫/૪ થી મઉટાંડા ગામના નકશાની નકલ રજુ કરવામાં આવેલ છે જે જોતા જુના સ.નં.દર્શાવતો નકશો છે.નિ.૫/૫ થી દાવાવાળી મીલકતની માપણી શીટ રજુ કરવામાં આવેલ છે જે જોતા વાદીની દાવાવાળી મીલકતને અડી ને સ.નં. ૨૪૪,૨૫૪ અને ૨૫૫ ના આવેલા હોય તેવુ જણાય છે.આ કામમાં નિ.૫/૬ થી વેચાણ દસ્તાવેજની નોંધ નં.૨૫૦૪ કે જે દાવાવાળી મીલકતો બાબતેની છે તે રજુ કરવામાં આવેલી છે.આ કામમાં નિ.૫/૭ થી મામલતદાર ભીલોડાના હુકમની અને નિ.૫/૮ થી નાયબ કલેકટરના હુકમની નકલ રજુ છે.નિ.૫/૯ અને નિ.૫/૧૦ થી વાદીઓના ઓળખકાર્ડની નકલ રજુ કરવામાં આવેલ છે.આ નિ.૫૬/૧ થી મામલતદાર ભીલોડાએ ડી.આઈ.એલ.આર.પાસે માગેલ માહીતીના પત્રની નકલ રજુ કરેલ છે અને નિ.૫૬/૨ થી ડી.આઈ.એલ.આર.ધ્વારા આપવામાં આવેલ જવાબની નકલ રજુ કરેલ છે.આ કામમાં નિ.૫૬/૩ થી આર.ટી.આઈ.ની અરજી અને નિ.૫૬/૪ થી પહોંચ અને નિ.૫૬/૫ જુદા જુદા ફોટાઓ રજુ કરેલા છે.

**૧૦.૪** આ કામમાં પ્રતિવાદી નં.૪ તરફે રજુ કરેલ નિ.૨૨/૧ નો દસ્તાવેજ જોતા તે મઉ ગ્રમપંચાયતનો દાખલો છે.નિ.૨૨/૨ થી ગ્રમપંચાયતના ઠરાવની નકલ રજુ કરવામાં આવેલ છે અને નિ.૨૨/૩ થી ગ્રાન્ટ મંજુર થયાના પત્રની નકલ રજુ કરેલ છે તથા નિ.૨૨/૪ થી ફોટા રજુ કરવામાં આવેલા છે.વધુમાં નિ.૨૨/૫ થી સર્કલ ઓફીસર, ભીલોડા ધ્વારા આપવામાં આવેલ અભિપ્રાયની નકલ રજુ કરેલ છે.આ કામમાં નિ.૨૨/૬ થી પંચનામાની નકલ રજુ કરવામાં આવેલ છે.આ કામમાં નિ.૨૨/૭ થી

પ્રતિવાદી નં.૪ અને નિ.૨૨/૮ થી અન્ય ઈસમોના જવાબની નકલ રજુ કરવામાં આવેલ છે.આ કામે પ્રતિવાદી નં.૪ ના એ નિ.૨૨/૯ થી જુદી જુદી જમીનોના ગામ નમુના ૭/૧૨ ના ઉતારાની નકલ રજુ કરેલ છે.મામલતદારશ્રી ભીલોડાના હુકમની નકલ અને નિ.૨૭/૨ થી નાયબ કલેકટર, મોડાસાના હુકમની નકલ નિ.૨૭/૩ થી રજુ કરવામાં આવેલ છે. આ કામમાં પ્રતિવાદી નં.૪ તરફે નિ.૨૭/૪ થી દાવાવાળી જગ્યાએ આર.સી.સી.રોડ બનાવવાના મઉગ્રમ પંચાયતના ઠરાવની નકલ રજુ કરેલ છે અને નિ.૨૭/૫ થી રસ્તો ખુલ્લો કર્યા બાબતની પંચ રોજકામની નકલ રજુ કરેલ છે.વધુમાં નિ.૫૯/૧ થી ગુજરાત હાઈકોર્ટના ચુકાદાની નકલ, નિ.૫૯/૨ થીગુજરાત હાઈકોર્ટના ચુકાદા બાબતે ખુલાસો તેમજ નિ.૫૯/૩ થી ફોટા તથા નિ.૫૯/૪ થી ૫૯/૮ સુધી સોગંદનામાની નકલ રજુ કરેલ છે.

**૧૧.** આ કામમાં વાદીનુ મુખ્ય કથન એવુ છે કે, દાવાવાળી સ.નં.૨૪૩ પૈકી ૧ અને ૨ જેના જુના સ.નં.૪૨૯ છે તેમાંથી પ્રતિવાદી નં.૪ નો કે અન્ય કોઈ ગામના વ્યકતીઓનો રસ્તો હતો નહી કે છે નહી જયારે પ્રતિવાદી નં.૪ તરફે એવુ કથન છે કે, વાદી નં.૧ અને ૨ નાએ મીલકત વેચાણ રાખેલ છે અને તે પહેલાથી વર્ષો પ્રતિવાદી નં.૪ અને અન્ય લોકોનો ગાડા બળદ અન્ય સાધનો લઈ જવા માટેનો રસ્તો આવેલ હતો અને વાદીની જમીન અને વણઝારા મઘોરભાઈ લાલાભાઈની જમીનના શેઢા પર નાળીયુ આવેલ હતુ અને તેનુ વાદી ધ્વારા ખેડાણ કરવામાં આવેલ છે અને રસ્તો બંધ કરવામાં આવેલ છે.

આ કામમાં વાદી ધ્વારા નિ.૫/૩ થી વેચાણ દસ્તાવેજની નકલ રજુ કરેલ છે જે જોતાં વાદી નં.૧ અને ૨ નાએ વાદી નં.૩ થી ૭ પાસેથી દાવાવાળી મીલકત વેચાણ રાખેલ હતી તેવુ સ્પષ્ટ થાય છે.આ કામમાં વાદીએ નિ.૫/૪ થી મઉટાંડા ગામના નકશાની નકલ રજુ કરવામાં આવેલ છે જે જોતા જુના સ.નં. દર્શાવતો નકશો છે અને તે નકશો જોતા જુના સ.નં. ૪૨૯ (દાવાવાળી મીલકત) ને અડીને જુના સ.નં .૪૩૦(ગૌચર), જુના સ.નં.૪૩૧,૪૩૨ આવેલા છે. આ કામમાં નિ.૫/૫ થી માપણી શીટ રજુ કરવામાં આવેલ છે જે જોતા વાદીની દાવાવાળી મીલકતને અડી ને ઉત્તરે ગૌચર

સ.નં. ૨૪૪ (જુના સ.નં.૪૩૦),પશ્રિમે સ.નં.૨૫૪(જુના સ.નં.૪૩૧) અને સ.નં. ૨૫૫ (જુના સ.નં.૪૩૨) ના આવેલા હોય તેવુ જણાય છે અને તેનાથી નીચે જતાં દક્ષિણે ૨૫૬ (જુના સ.નં.૪૩૩) વાળી જમીનો આવેલી હોય તેવુ જણાય છે.

આ કામમાં પ્રતિવાદી નં.૪ તરફે રજુ કરેલ નિ.૨૨/૧ નો દસ્તાવેજ જોતા તે મઉ ગ્રમપંચાયતનો દાખલો છે અને તેમાં જુના સ.નં.૪૩૧ ના નવા સ.નં.૨૫૪, જુના સ.નં.૪૨૯ ના નવા સ.નં.૨૪૩ જણાવેલા છે અને આ દસ્તાવેજ ગ્રામપંચાયત ધ્વારા આપવામાં આવેલ દાખલો છે અને તેમાં એવુ પણ જણાવેલ છે કે, સ.નં.૪૩૧ (૨૫૪) અને ૪૨૯(૨૪૩) વચ્ચેથી બંને સેઢા ઉપર જુનુ નાળીયુ આવેલ હતુ અને ત્યાંથી આજુબાજુના સ.નં.વાળા બળદગાડુ, ટ્રેકટર વગેરે સાધનો લઈને અવરજવર કરતા હતા.

વધુમાં નિ.૨૨/૫ થી સર્કલ ઓફીસર, ભીલોડા ધ્વારા આપવામાં આવેલ અભિપ્રાયની નકલ રજુ કરેલ છે અને તેમાં એવુ જણાવેલ છે કે, તેમાં સ.નં.૨૪૩ પૈકી ૧ અને ૨(દાવાવાળી મીલકત)ના ખાતેદાર ધ્વારા તેમના સ.નં.ને અડીને પસાર થતા અને સ.નં.૨૫૬ સુધી જતા રસ્તા(નાળીયા)નુ ખેડાણ કરેલ છે અને રસ્તો બંધ કરેલ છે જેથી સ.નં.૨૫૬ અને આજુબાજુના સ.નં.માં ખેતકામ માટે ઉપયોગી સાધનો જવા આવવા સમસ્યા થઈ રહેલ છે. પંચોના જણાવ્યા મુજબ સદર રસ્તાનો ઉપયોગ આજુબાજુના સ.નં.વાળા ખાતેદારો લગભગ સીતેર થી પંચોતેર વર્ષથી કરતા આવેલા છે.

આ કામમાં નિ.૨૨/૬ થી પંચનામાની નકલ રજુ કરવામાં આવેલ છે અને તેમાં નાળીયા(રસ્તા)ની ચર્તુસીમા જણાવવામાં આવેલી છે જે મુજબ પુર્વ દીશામાં સ.નં.૨૪૩ પૈકી ૧ અને ૨(દાવાવાળી મીલકત), પશ્રિમ દીશામાં સ.નં.૨૫૪ અને ૨૫૫ અને ઉત્તર દીશામાં સ.નં.૨૪૪ કે જે ગૌચર છે અને દક્ષિણે સ.નં.૨૫૬ આવેલ છે.વધુમાં એવુ પણ જણાવેલ છે કે, સવાલવાળી જગ્યા(રસ્તા)નો ઉપયોગ આસપાસના સ.નં.ના ખાતેદારો સીતેર પંચોતેર વર્ષથી કરતા હતા જે નાળીયા(રસ્તા)નું ખેડાણ સ.નં.૨૪૩ પૈકી ૧ અને ૨ (દાવાવાળી મીલકત) ના ખાતેદારે છેલ્લા એક વર્ષથી કરેલ છે અને આડશ મુકીને રસ્તો બંધ કરેલ છે.

આ કામમાં નિ.૫/૭ થી અને નિ.૨૭/૨ થી મામલતદારશ્રી, ભીલોડા નો નં.મામ.કોર્ટ એકટ કલમ–૫/કેસ નં.૨/૨૦૨૦ નો હુકમની નકલ રજુ કરવામાં આવેલ છે અને નિ.૨૭/૩ થી નાયબ કલેકટરશ્રી, મોડાસાના હુકમની નકલ રજુ કરેલ છે.

આ કામમાં  નં.મામ.કોર્ટ એકટ કલમ–૫/કેસ નં.૨/૨૦૨૦ ના હુકમની નકલ રજુ કરવામાં આવેલ છે.આ કામમાં મામલતદારશ્રીએ હુકમ કરીને એવુ ઠરાવેલ છે કે, '' મોજે.મઉ(નવલપુર) તા.ભીલોડાના જુના સ.નં.૪૨૯, નવા સ.નં.૨૪૩ પૈકી ૧ અને ૨  માં આવેલ રસ્તો પ્રતિવાદીઓ દ્વારા બંધ કરવામાં આવેલ છે તે રસ્તો ખુલ્લો કરવા અને ભવિષ્યમાં અંતરાય ન કરવા માટે આથી હુકમ કરવામાં આવે છે'' જેથી આ કામમાં કહેવાતી રસ્તાની તકરાર પ્રથમ મામલદારશ્રી સમક્ષ ગયેલી અને તે તકરાર મામલતદારશ્રી દ્વારા બંને પક્ષકારોને સાંભળીને મામલતદાર કોર્ટ એકટની કલમ–૫ મુજબનો હુકમ કરી રસ્તો હોવાનુ ઠરાવેલ છે જેથી આ કામમાં દાવાવાળી મિલકતમાંથી રસ્તો પસાર થતો હતો તેવુ પ્રથમદર્શનીય રીતે માનવાને કારણ રહે છે.

આ કામમાં મામલતદાર કોર્ટના હુકમ સામે મામલતદાર કોર્ટ એકટ કલમ–૨૩(૨) મુજબ રીવીઝન અરજી દાખલ કરવામાં આવેલી હતી અને તેમાં નાયબ કલેકટર મોડાસા દ્વારા એવો હુકમ કરવામાં આવેલ છે કે, ''સબબ આ  કામે વિવાદીની વિવાદ અરજી અગ્રહય રાખવામાં આવે છે.મોજે.મઉ(નવલપુર),તા.ભીલોડાના સ.નં .૨૪૩ પૈકી ૧ અને ૨ માં આવેલ રસ્તાની તકરાર બાબતે મામલતદારશ્રી,ભીલોડાના હુકમ નં.મામ.કોર્ટ એકટ/કલમ–૫/કેસ નં.૨/૨૦૨૦, તા.૩૧.૦૩.૨૦૨૧ નો નિર્ણય યથાવત રાખવા આથી હુકમ કરવામાં આવે છે.''

આ કામમાં વાદીની એક દલીલ એવી છે કે,આ કામમાં મામલતદારશ્રીએ લેખીત જવાબ ઘ્યાને લીધા વીના રસ્તો ખોલવાનો હુકમ કરેલ છે અને તે હુકમ કુદરતી ન્યાયના સિઘ્ધાંતો વીરુઘ્ધનો અને ગેરકાયદેસરનો છે પરંતુ મામલતદારશ્રીના હુકમ સામે કરવામાં આવેલ રીવીઝન નામંજુર થયેલ છે અને તે રીવીઝનના હુકમને વાદી દ્વારા ચેલેન્જ કરવામાં આવેલ હોય તેવુ જણાતુ નથી.

આ કામમાં વાદી ધ્વારા એક દલીલ એવી પણ કરવામાં આવેલી છે કે,આ કામના પ્રતિવાદી નં.૪ ની જમીન સ.નં.૨૫૬ માં જવાનો રસ્તો મઉ ટાંડા ગામની પશ્રિમે આવેલ ગૌચરમાં થઈને બનેલ સી.સી.રોડ પર થઈને તેમના ભાઈ મધુરભાઈ લાલાભાઈ અને કસ્તુરભાઈ લાલાભાઈની ખેતીની જમીનમાં થઈને આવેલ છે પરંતુ તે બાબત હાલના તબકકે નિર્ણીત થઈ શકે નહી.

આ કામમાં વાદી ધ્વારા એક એવી પણ દલીલ કરવામાં આવેલ છે કે, ડી.આઈ.એલ.આર.ધ્વારા આ બંને સ.નં.માંથી રસ્તો પસાર થતો નથી તેવુ ઠરાવેલ છે પરંતુ આ કામમાં મામલતદારશ્રીએ રસ્તો માનીને હુકમ કરેલ છે તેમજ કહેવાતી રસ્તાની તકરાર આ કામના વાદીઓએ મિલકત વેચાણ રાખેલી ત્યારબાદથી ઉભી થયેલી.સામાન્ય રીતે ગામડામાં જે રસ્તા નો ઉપયોગ થતો હોય તે વર્ષોથી જે રસ્તાઓ ચાલતા હોય છે તે પ્રમાણે તે રસ્તાનો ઉપયોગ થતો હોય છે.વધુમાં સુખાધીકારના કાયદાને ધ્યાનમાં રાખીને આ રસ્તાઓનો ઉપયોગ કરવામાં આવતો હોય છે.

આ કામમાં રજુ કરેલા દસ્તાવેજી પુરાવા જોતા મામલતદારશ્રી ધ્વારા દાવાવાળી મીલકતમાંથી રસ્તો પસાર થતો હતો તેવુ ઠરાવેલ છે જેથી આ કામમાં મામલતદારશ્રીએ રસ્તો હોવાનુ માનેલુ છે.આ કામમાં મામલતદારશ્રીનો હુકમ જોતા વાદીઓએ રસ્તો બંધ કરેલ હોય અને તેમણે રસ્તો ખુલ્લો કરાવેલ હોય તેવુ પ્રથમદર્શનીય રીતે પણ જણાઈ આવે છે અને જો આ રસ્તા પર જો પ્રતિવાદી તથા ગામના અન્ય વ્યકતીઓને પસાર થવા દેવામાં ન આવે તો પ્રતિવાદી તથા તે લોકોને નુકસાન જાય તેમ છે જેથી આ કામમાં વાદીઓનો કોઈ  પ્રથમદર્શનીય કેસ હોય તેવુ જણાતુ નથી અને સમતુલાનુ પલ્લુ વાદીની તરફેણ કરતુ નથી અને નુકસાન જાય તો પણ પ્રતિવાદીઓને જાય તેમ છે જેથી મુદા નં.૧ થી ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**૧૨.** આ કામમાં પ્રતિવાદી નં.૪ એ તેમની વચગાળાની અરજીમાં માંગેલ દાદ મેળવવા હકકદાર છે કે કેમ ? તે બાબતે ચર્ચા કરવામાં આવે તો, આ કામમાં પ્રતિવાદી નં.૪ નાએ તેમના સામો દાવો અને વચગાળાની અરજી કરી અને એવી રજુઆત કરેલ

છે કે, આ કામના વાદીઓએ ફરીથી આડશ મુકીને રસ્તો બંધ કરેલ છે.

આ કામમાં રેકર્ડ જોતા તથા ઉપરોકત ચર્ચા જોતા એવુ જણાય છે કે, હાલના દાવાના પક્ષકારો પ્રથમ મામલતદાર કોર્ટમાં ગયેલા અને ત્યાં મામલદારશ્રી મામલતદાર કોર્ટ એકટ મુજબ કાર્યવાહી કરેલ છે અને ત્યારબાદ તા.૧૭.૦૨.૨૨ ના રોજ કહેવાતા રસ્તાની અડચણો દુર કરાવી રસ્તો ખુલ્લો કરાવવામાં આવેલ અને ત્યારબાદ પ્રતિવાદી નં.૪ ના એ તેમનો દાવા જવાબ તા.૦૧.૦૪.૨૨ ના રજુ કરેલ છે તેમાં વાદીઓએ ફરીથી આડશો ઉભો કરી રસ્તો બંધ કરેલ છે તેવી હકીકત જણાવે છે અને આ જ હકીકત તેમના સામા દાવામાં અને કાઉન્ટર મનાઈ અરજીમાં તા.૨૯.૦૪.૨૨ ના જણાવેલ છે.

આ કામમાં વાદીએ સામા દાવા અને મનાઈ અરજીનો ઈનકાર કરેલ છે  પરંતુ વાદીએ તેમના સામા દાવાના તા.૧૨.૮.૨૨ ના જવાબના પેરા.૮ માં એવુ જણાવેલ છે કે,'' અમો વાદીઓની જમીન મઉ ટાંડા ગામથી પશ્રિમ દીશા તરફ જતા રોડ પરથી દક્ષિણ દીશાના ગૌચરમાં થઈને અમો અમારી જમીનમાં આવ–જા કરીએ છીએ તે જમીનમાં આ પ્રતિવાદી નં.૪ નાને ખેતરમાં આવવા જવાનો રસ્તો બંધ કરવામાં આવેલ છે.'' જેથી આ કામના વાદીઓએ પ્રતિવાદી નં.૪ ના ખેતરમાં જવાનો રસ્તો બંધ કરેલ છે તેવુ તેમના સામા દાવાના જવાબમાં કબુલ કરેલ છે.

વધુમાં આ કામમાં પ્રતિવાદી નં.૪ ના એ તા.૧૭.૦૨.૨૨ ના રોજ રસ્તો ખુલ્લો કર્યા બાદ સામો દાવો રજુ કરેલ છે અને વચગાળાની આજ્ઞાત્મક મનાઈ હુકમ મેળવવાની અરજી રજુ કરીને જણાવેલ છે કે, વાદીઓએ ફરીથી આડશો ઉભો કરી રસ્તો બંધ કરેલ છે જો આ રસ્તો હાલમાં ખુલ્લો જ હોય તો તેને ફરીથી રસ્તો ખુલ્લો કરવા માટે કોઈ કાર્યવાહી કરવાની જરુર પડે નહી અને જો કહેવાતો રસ્તો બંધ થયેલ હોય તો જ રસ્તો ફરીથી ખુલ્લો કરાવવાની દાદ માગવામાં આવે તેવુ આ અદાલતનું માનવુ છે.

આ કામમાં વાદીએ એવી પણ દલીલ કરેલ છે કે, પ્રતિવાદી નં.૪ દરેક સીઝનમાં ખેતી કરતા આવેલા છે અને શિયાળાની સીઝનમાં ઘઉનુ વાવેતર કરેલ છે અને  તેના ફોટોગ્રફ આ કામે રજુ કરેલ છે પરંતુ ફોટોગ્રાફથી કયા ખેતરના છે તે સ્પષ્ટ

રીતે કહી શકાય નહી.આ કામમાં વાદીની એક દલીલ એવી પણ છે કે, પ્રતિવાદી નં.૪ નો મુળ રસ્તો ચાલુ છે અને તે રસ્તેથી અવરજવર કરે છે જેથી વાદીની દલીલ જોતા વાદી ખુદ પ્રતિવાદી નં.૪ અન્ય રસ્તેથી અવરજવર કરતા હોવાનુ દલીલમાં જણાવે છે. સ્વાભાવિક રીતે જયારે વાદીએ પ્રતિવાદી નં.૪ નો રસ્તો બંધ કરેલ હોય ત્યારે જ પ્રતિવાદી નં.૪ નાએ ખેતી કરવા અન્ય વિકલ્પ શોધવો પડે તેવુ આ અદાલતનુ માનવુ છે.

આ કામમાં ઉપરોકત તમામ ચર્ચા જોતા પ્રથમદર્શનીય રીતે એવુ જણાય છે કે, આ કામમાં તારીખ.૧૭.૦૨.૨૦૨૨ ના રોજ રસ્તો ખોલી આપવામાં આવેલ અને ત્યારબાદ ફરીથી વાદી ધ્વારા કહેવાતો રસ્તો આડશો મુકીને બંધ કરેલ હોય તેવુ જણાય છે.

સામાન્ય સંજોગોમાં આજ્ઞાત્મક મનાઈ હુકમની દાદ આપી શકાય નહી તેવી જોગવાઈ છે પરંતુ હાલના કેસમાં ચર્ચા કરવામાં આવે તો આ કામના વાદી ધ્વારા મામલતદાર કોર્ટના હુકમનો અનાદર કરેલ છે અને વાદીઓએ મામલતદાર કોર્ટના હુકમનુ પાલન કરેલ નથી તેવુ પ્રથમદર્શનીય રીતે સ્પષ્ટ રીતે જણાય છે.જે વ્યકતી કાયદાનુ પાલન ન કરે તેને કાયદો મદદરુપ થઈ શકે નહી તેવુ આ અદાલતનુ માનવુ છે.આ કામમાં પ્રતિવાદી નં.૪ એ માગેલી દાદ આજ્ઞાત્મક મનાઈહુકમ સંદર્ભેની છે તે જોતા જો તે દાદ મંજુર કરવામાં ન આવે તો પ્રતિવાદી નં.૪ ને નુકસાન જાય તેમ છે.આ ઉપરાંત પ્રતિવાદી નં.૪ ની દાદ મંજુર કરવામાં આવે તો તેનાથી સમગ્ર દાવાનો નિકાલ થઈ જાય તેવુ જણાતુ નથી જેથી આજ્ઞાત્મક મનાઈ હુકમ આપવા માટે આ યોગ્ય કેસ જણાય છે.આ સંજોગોમાં પ્રતિવાદી નં.૪ ની માગ્યા મુજબની વચગાળાની દાદ મંજુર કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેવુ આ અદાલતનુ માનવુ છે જેથી મુદા નં .૪ નો જવાબ હકારમાં આપવામાં આવે છે અને ન્યાયના વીશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>આખરી હુકમ</u>

વાદીની આંક–૦૬ ની અરજી નામંજુર યાને કે રદ કરવામાં આવે છે.

આ કામમાં પ્રતિવાદી નં.૪ તરફે આપેલ આંક–૨૬ની વચગાળાની અરજી મંજુર કરવામાં આવે છે અને વાદીઓને એવો હુકમ કરવામાં આવે છે કે, દાવાવાળી મિલકતમાં આવેલ રસ્તો દાવાનો આખરી નીકાલ ન થાય ત્યાં સુધી ખુલ્લો કરી આપવો.

પક્ષકારોએ પોતપોતાનો ખર્ચ ભોગવવો.

**આ હુકમ આજરોજ તા.૨૭ મી માહે જુલાઈ સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તા. ૨૭/૦૭/૨૦૨૩**
**સ્થળ : ભિલોડા**

**(મહાવીરસિંહ રાજેન્દ્રસિંહ ઝાલા)**
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ**
**ભિલોડા**
**(જજ કોડ : જીજે૦૦૯૫૪)**